| GJPM010001282025 | દાખલ તારીખ. | ૦૮ | ૦૧ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| | નોંધણી તારીખ. | ૦૮ | ૦૧ | ૨૦૨૫ |
| | ફેસલા તારીખ. | ૩૦ | ૦૫ | ૨૦૨૬ |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |

## FORM-A

**<u>પંચમહાલ જીલ્લાનાં મહેરબાન સ્પેશ્યલ જજ અને ચોથા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ગોધરા,જી.પંચમહાલ.</u>**

**(શ્રી.આર.આર.પટેલ, એડીશ્નલ સેશન્સ જજ)**

**ચુકાદાની તા.૩૦/૦૫/૨૦૨૬**

**સ્પે (ATRO) કેસ નંબર–૦૩/૨૦૨૫**

(શહેરા પો.સ્ટે.ના ગુના રજી.નં.૯૨૦/૨૦૨૪)

| | |
|---|---|
| ફરીયાદી | **શ્રી સરકાર.** |
| REPRESENTED BY | એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ. |
| આરોપીઓ. | **નં.૧ દીપસીહ સોમાભાઇ રાઠોડ ,**<br>**નં.૨ ભવાનસીહ સોમાસીહ રાઠોડ ,**<br>**નં.૩ રણવતસીહ દીપસીહ રાઠોડ ,**<br>**નં.૪ મુકેશભાઇ ભારતભાઇ ખાંટ ,**<br>તમામ રહે. આકેડીયા, પરમાર ફળીયુ, શહેરા,પંચમહાલ. |
| REPRESENTED BY | વિ.વ.શ્રી. એસ.આર.પટેલ. |

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૨૪/૧૦/૨૦૨૪ |
| **FIR** ની તારીખ. | ૨૭/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ. | ૦૮/૦૧/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ ની તારીખ. | ૨૦/૦૬/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૩૧/૦૭/૨૦૨૫ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | – |
| ચુકાદાની તારીખ. | ૩૦/૦૫/૨૦૨૬ |

| | |
|---|---|
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | |

**<u>આરોપીની માહીતી.</u>**

| આરોપીની રેન્ક. | આરોપીનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 428, Cr.PC ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દીપસીહ સોમાભાઇ રાઠોડ , | ૧૮ / ૧૧ / ૨૪ | | બી.એન.એસી.ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨),૩૫૨, ૩૫૧(૨), ૩૨૪(૫),૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫એ) મુજબ. | નિર્દોષ | – | – |
| ૨. | ભવાનસીહ સોમાસીહ રાઠોડ , | ૧૮ / ૧૧ / ૨૪ | | | | | |
| ૩. | રણવતસીહ દીપસીહ રાઠોડ , | ૧૮ / ૧૧ / ૨૪ | | | | | |
| ૪. | મુકેશભાઇ ભારતભાઇ ખાંટ , | ૧૮ / ૧૧ / ૨૪ | | | | | |

## –: ચુકાદો :–

**૧.** આ કામનાં આરોપીઓ સામે અનુસુચીત જાતી તથા અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ (જેને હવે પછી ટુંકમાં **એટ્રોસીટી એકટ** તરીકે સંબોધવામાં આવશે) ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) તથા બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨,૩૫૧(૨), ૩૨૪(૫), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શીક્ષાને પાત્ર ગુનાનું તહોમત હોય તે અંગેની ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત :–**

**૨.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે આ કામના ફરીયાદી પોતાની બલેનો ગાડી નંબર જી.જે.૧૭–બી.એચ.૯૪૨૪ ની લઈ મોજે આકડીયા ગામે વળાંક પાસે રોડ ઉપર આરોપી દીપસીહ સોમાભાઈની દુકાન આગળ ઉભા

રહેલ અને ફોન ઉપર વાત કરતા હોય દરમ્યાન આરોપીના સગાની મો.સા. ફરીયાદીની બલેનો ગાડીને પાછળથી અડી ગયેલ જેનુ ઉપરાણુ લઈ આરોપીઓએ ફરીયાદીને ખોટી મા બેન સમાણી ગાળો આપી '**સાલા ભીલડા**' તેવા જાતી વિષયક શબ્દો બોલી, તમામ આરોપીઓ હાથમાની લાકડીઓ લઈ આવી, ફરીયાદીને ડાબા હાથનાં પંજા ઉપર તેમજ ડાબા હાથનાં કાંડાનાં ઉપરનાં ભાગે તથા ડાબા પગનાં ભાગે તેમજ બરડાનાં ભાગે લાકડીઓ વડે માર મારતા, ફરીયાદીને ડાબા હાથે બીજી આંગળી ઉપર ફ્રેકચર કરી, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, તેમજ ઝઘડા દરમ્યાન ફરીયાદીની સોનાની ચેન કીમત રૂા.૭૨,૫૦૦/- તથા રોકડા રૂા.૩૦,૦૦૦/- મળી કુલ રૂા.૧,૦૨,૫૦૦/- ના પડી જતા ફરીયાદીને નુકશાન (બગાડ) કરાવી, એક બીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી, તમામ આરોપીઓએ જાતી વિષયક અપમાનજનક શબ્દો બોલી, ફરીયાદી કે જે અનુસુચીત જાતીનાં હોવાનું જાણતાં હોવા છતાં જાહેર સ્થળે ફરીયાદીને ઉતારી પાડવાનાં ઈરાદાથી અપમાન કરી અનુસુચીત જાતીનાં સભ્ય હોય જ્ઞાતીનાં અપશબ્દો બોલી આરોપીઓએ ગુનો કરેલ હોવાની ફરીયાદ શહેરા પો.સ્ટે.માં આપવામાં આવી હતી.

**પોલીસ કાર્યવાહી :-**

**૩.** સદરહું ફરીયાદીની ફરીયાદ અન્વયે શહેરા પો.સ્ટે.ના ગુના રજી.નં.૯૨૦/૨૦૨૪ થી આરોપીઓ સામે અનુસુચીત અનુસુચીત જાતી તથા અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ (જેને હવે પછી ટુંકમાં **એટ્રોસીટી એકટ** તરીકે સંબોધવામાં આવશે) ની કલમ-૩(૧)(આર)(એસ),૩(૨)(૫-એ) તથા બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૨૪(૫), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ અને આરોપીઓને અટક કરવામાં આવેલા અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસ કરી તપાસનાં અંતે હાલનાં આરોપીઓ સામે પુરતો પુરાવો મળતાં સદર ગુનાનું ચાર્જશીટ

પંચમહાલના મહે. સ્પેશયલ જજ (એટ્રો) અને એડી. સેશન્સ જજશ્રી ગોધરા નાઓ સમક્ષ રજુ કરેલ. જે સ્પેશયલ (એટ્રો) કેસ નં.૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે તથા એટ્રોસીટી એકટની કલમ-૧૪ મુજબનું સદરહું ગુનાનું સંજ્ઞાન લીધેલ.

**કોર્ટ કાર્યવાહી :-**

**૪.** આરોપીઓ હાજર થતાં વિ.એ.પી.પી.શ્રી.એ આરોપીઓ વિરૂધ્ધનાં પુરાવા રજુ કરી ફરીયાદપક્ષનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૨૬ અન્વયે રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજો તથા પુરાવાઓ ધ્યાને લેતાં તથા બંને પક્ષોનાં વિ.વ.શ્રી.ઓને તહોમતનામુ ફરમાવવા અંગે સાંભળ્યાં બાદ ગુના સબબ તહોમતનામુ ફરમાવવા માટે પુરતા કારણો જણાતા હોય ક્રિ.પ્રો.કોડની કલમ-૨૨૮(૧)(બી) અન્વયે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે આંક-૫ થી તહોમતનામું ફરમાવી કલમ-૨૨૮(૨) મુજબ આરોપીઓને વાંચી, સંભળાવી અનુક્રમે આંક-૬ થી ૯ સુધી જવાબ લેવામાં આવેલ છે. જેમા આરોપીઓએ તેમને ગુનો કબુલ નથી અને તેઓને કેસ આગળ ચલાવવો છે તેવી પ્લી લીધેલ.

જેની ફરીયાદપક્ષનો કેસ પુરાવા રજુ કરવા સારુ રાખવામાં આવેલ.

**મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા :-**

**૫.** ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૧ અન્વયે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

FORM-C

**<u>પ્રોસ્કિયુશન / ડિફેન્સ/ કોર્ટના સાક્ષીઓની યાદી.</u>**

**<u>A. પ્રોસ્કિયુશન :</u>**

| રેન્ક | આંક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી,અન્ય સાક્ષી) |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| PW-1 | 10 | રામાભાઇ પુંજાભાઇ ડામોર. | પંચ સાક્ષી. |
| PW-2 | 12 | ચતુરભાઇ પ્રતાપભાઇ ડામોર. | પંચ સાક્ષી. |
| PW-3 | 13 | રમેશભાઇ ધનાભાઇ ડામોર. | ફરીયાદી. |
| PW-4 | 16 | મુકેશભાઇ ધનાભાઇ ડામોર. | અન્ય સાક્ષી. |
| PW-5 | 18 | મીનાબેન રમેશભાઇ ડામોર. | અન્ય સાક્ષી. |
| PW-6 | 19 | ડો.પરષોત્તમભાઇ ગણેશભાઇ રાઠોડ. | તબીબી સાક્ષી. |
| PW-7 | 21 | ડો. જયેશકુમાર લાલુભાઇ ગોહીલ. | તબીબી સાક્ષી. |
| PW-8 | 23 | સીધ્ધરાજસીહ સામંતસીહ ચૌહાણ. | પોલીસ સાક્ષી. |
| PW-9 | 27 | નીલેશકુમાર વિઠ્ઠલભાઇ પટેલ. | પોલીસ સાક્ષી. (ત.ક.અ.) |

**<u>પ્રોસ્કિયુશન / બચાવપક્ષ/ કોર્ટના સાક્ષીઓની યાદી.</u>**

**<u>A. પ્રોસ્કિયુશન :</u>**

| અનું.નં. | આંક | વિગત. |
|---|---|---|
| 1. | 11 | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. |
| 2. | 14,15 | ફરીયાદ,જાતી અંગેના પ્રમાણપત્ર. |
| 3. | 20,22 | એમ.એલ.સી.સર્ટી. |
| 4. | 24,26,28 | સુચીપત્ર, જાતિ પ્રમાણપત્રની ખરાઇ બાબતેનો પત્ર, નિમણુંકનો હુકમ. |
| 5. | 29,30 | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ, જાતીના પ્રમાણ પત્રની ખરાઇ કરવા માટેની યાદી, |
| 6. | 31,32 | સારવાર સર્ટી. મેળવવાની યાદી, કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 7. | 33,34 | જાતીના પ્રમાણપત્રની ખરાઇ બાબતે ના.પોલીસ અધિક્ષક, ગોધરાનાએ તકેદારી અધિકારી, આદીજાતી વિકાસને લખેલ યાદી, ફરીયાદીના જાતીના પ્રમાણપત્ર ની ખરાઇ બાબતે મદદનીશ કમીશનરશ્રી ગોધરાને કરેલ ખરાઇનો પત્ર. |

**<u>B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઇ હોય તો :</u>**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી,અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટપક્ષના સાક્ષીઓ, જો કોઇ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી,અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**B. બચાવપક્ષ :**

| અનું.નં. | આંક | વિગત. |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટથી આંક :**

| અનું.નં. | આંક | વિગત. |
|---|---|---|
| 1. | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનું.નં. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત. |
|---|---|---|
| ૧. | ૧. | લાકડી |
| ૨. | ૨. | લાકડી |
| ૩. | ૩. | લાકડી |
| ૪. | ૪. | લાકડી |

**૬.** ફરીયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ અને તેઓને પુરાવો આપવો નથી તેવી આંક–૩૫ થી પુરાવા બંધની પુરસીસનાં આધારે પુરાવો બંધ કરી, સદરહું કેસમાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ. જેમા આરોપીઓ સામે પડેલ પુરાવો તેની સમક્ષ મુકવામાં આવેલ જે સંદર્ભે આરોપીઓએ પોતે કોઇ સાક્ષીને તપાસવા માંગતા નથી કે પોતાનો મૌખીક પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવીને વિશેષમાં એવુ જણાવેલ છે કે, '' અમો આરોપીઓ નિર્દોષ છીએ, ફરીયાદી અમને ઓળખતા નથી. આવા કોઇ બનાવમાં અમે હતા નહી અને આવો કોઇ બનાવ બનેલ નથી તેમ છતાં અમોને ખોટી રીતે સદર ગુનામાં સંડોવેલ છે.'' આમ, આરોપીઓ તરફે તેઓનાં બચાવમાં કોઇ સાક્ષીઓ

તપાસવા નથી એમ જાહેર કરતા, તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ અને સદરહું કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે દલીલ :-**

**૭.** ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૪ મુજબ આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ નાઓએ તેમની મૌખીક દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ ધ્વારા આ કામે કુલ-૯ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તથા તે આધારે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ તહોમતનામાં અનુસંધાને ફરીયાદી, પંચ સાહેદો, તબીબી સાહેદો, અન્ય સાહેદો, અને પોલીસ સાહેદોનાં મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા અન્વયે આરોપીઓ સામે વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ હોય તેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવાની રજુઆત કરેલ છે.

**બચાવપક્ષ તરફે દલીલ :-**

૮. આ કામે આરોપીઓ તરફે તેમની મૌખીક દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે રજુ રાખેલ ઉપરોકત તમામ પુરાવાઓ ઉપરથી આરોપીઓ સામેનો આક્ષેપીત તહોમત અને આક્ષેપીત ગુનાનાં તત્વોની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોય, જેથી તેનો પુરેપુરો લાભ કાયદાની દ્રષ્ટીએ આરોપીઓને મળવા પાત્ર બની રહેતો હોય, જેથી હાલનાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૯. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ કરેલ દલીલ, બચાવપક્ષ તરફેનાં વિ.વ.શ્રીએ કરેલ દલીલ તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે તથા ધ્યાને લેતાં આ કામે આરોપીઓ સામેનાં તહોમતનામાનાં અનુસંધાને નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**- : મુદ્દાઓ : -**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આ કામનાં ફરીયાદી રમેશભાઇ ધનાભાઇ ડામોર નાઓ અનુસુચીત જનજાતીનાં સભ્ય છે? |

| | |
|---|---|
| **૨.** | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે આ કામના ફરીયાદી પોતાની બલેનો ગાડી નંબર જી.જે.૧૭–બી.એચ.૯૪૨૪ ની લઈ મોજે આકડીયા ગામે વળાંક પાસે રોડ ઉપર આરોપી દીપસીહ સોમાભાઈની દુકાન આગળ ઉભા રહેલ અને ફોન ઉપર વાત કરતા હોય દરમ્યાન આરોપીના સગાની મો.સા. ફરીયાદીની બલેનો ગાડીને પાછળથી અડી ગયેલ જેનુ ઉપરાણુ લઈ આરોપીઓએ ફરીયાદીને ખોટી મા બેન સમાણી ગાળો આપી તમામ આરોપીઓ હાથમાની લાકડીઓ લઈ આવી, ફરીયાદીને ડાબા હાથનાં પંજા ઉપર તેમજ ડાબા હાથનાં કાંડાનાં ઉપરના ભાગે તથા ડાબા પગનાં ભાગે તેમજ બરડાનાં ભાગે લાકડીઓ વડે માર મારતા, ફરીયાદીને ડાબા હાથે બીજી આંગળી ઉપર ફેકચર કરી, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, તેમજ ઝઘડા દરમ્યાન ફરીયાદીની સોનાની ચેન કીમત રૂ.૭૨,૫૦૦/– તથા રોકડા રૂ.૩૦,૦૦૦/–મળી કુલ રૂ.૧,૦૨,૫૦૦/–ના પડી જતા ફરીયાદીને નુકશાન (બગાડ) કરાવી, એક બીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી, તમામ આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૨૪(૫), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| **૩.** | શું ફરીયાદપક્ષ વ્યાજબી શકાંથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત બનાવનાં ભાગરૂપે તેજ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદી અનુસુચીત જનજાતીનાં એટલે કે પછાત જાતીનાં હોવાનું જાણતા હોવા છતાં આરોપીઓએ ફરીયાદીને **'સાલા ભીલડા'** જેવા શબ્દો ઉચ્ચારી, તેવુ જાતી વિશે જાહેરમાં બોલી, ફરીયાદીનુ જાતીય અપમાન કરી, ગુનો કરવામાં એક બીજાની મદદગારી કરી, ફરીયાદીને જાતી વિષયક શબ્દો બોલી અને જે અનુસુચીત જનજાતીનાં હોવાનું જાણતાં હોવા છતાં જાહેર સ્થળે ફરીયાદીને ઉતારી પાડવાનાં ઈરાદાથી અપમાન કરી અનુસુચીત જનજાતીનાં સભ્ય હોય જ્ઞાતીનાં અપશબ્દો બોલી તેમજ એટ્રોસીટી એકટમાં જણાવેલ શીડયુલ મુજબનો ગુનો આચરીને આરોપીઓએ એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–એ)મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ? |
| **૪.** | શું હુકમ ? |

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૧.** | હકારમાં. |
| **૨.** | નકારમાં. |
| **૩.** | નકારમાં. |
| **૪.** | આખરી હુકમ મુજબ. |

## નિર્ણય અંગેનાં કારણો :–

**૧૧.** આ કામનાં આરોપીઓ સામે ગુનાની ટ્રાયલ એટ્રોસીટી એકટ તથા ઇ.પી.કો.ની જુદી જુદી કલમ અન્વયે ચાલેલ છે. આ સંદર્ભે એટ્રોસીટી એકટની કલમ–૧૪ ના પ્રોવાઇઝો જોવામાં આવે તો અત્રેની કોર્ટે તે કોર્ટ ઓફ સેશન્સ છે. જેને સદરહું કાયદા અન્વયે સ્પેશયલ કોર્ટ જાહેર કરવામાં આવેલ છે. ત્યારે આરોપી સામે સદરહું ગુનાની ટ્રાયલ સેશન્સ કોર્ટ ધ્વારા ચલાવવામાં આવતી હોય અને હાલનો કેસ તે એટ્રોસીટી એકટ અન્વયે સ્પેશયલ સેશન્સ કેસ હોઇ, જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીનાં ધોરણો અન્વયે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે, તેવા અનુમાન સાથે શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઇઓ ધ્યાને લેતાં આરોપી સામેનો આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી, સિવાય કે લાગુ પડતા કોઇ કાયદામાં તે સંદર્ભે કોઇ ખાસ પ્રકારની જોગવાઇ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકાર છે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુધ્ધનું અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ'' (૧૯૭૩)(૨)એસસીસી પાન નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાનાં મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે, તે ધ્યાને લેવા જરૂરી છે.

તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે, અને જયાં સુધી તે અનુમાનનું ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે, ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી દોષીત છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો અદા ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહીં. વધુમાં કોઈ ખાસ પ્રકારનાં કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની પ્રાથમીક હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે ત્યાર બાદ આરોપી વિરુધ્ધનું અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનું ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનું ધોરણ પ્રબળતાની સંભવિતતાનાં સિધ્ધાંતો મુજબનું હોય છે.

હવે ઉપરોકત કાયદાનાં સિધ્ધાંત નજર સમક્ષ રાખી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ મુદ્દાઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

**૧૧.૧. મુદ્દા નં. ૧ :-**

હાલનાં મુદ્દા સંદર્ભે ઉપસ્થિત રેકર્ડનું મુલ્યાંકન કરવામાં આવે તો, મુળ ફરીયાદીએ પોતાની ફરીયાદની સાથે તેઓ જાતે હિન્દુ ભીલ જાતીનાં છે અને અુનસુચીત જનજાતી તરીકે માન્યતા થયેલ હોવા બાબતેનાં પ્રમાણપત્ર જીલ્લા તકેદારી અધિકારી (આદીજાતી વિકાસ),પંચમહાલ, ગોધરા ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ, તે રજુ રાખેલ હતુ. જે હાલનાં કામે આંક-૧૫ થી પુરાવાનાં રેકર્ડમાં સામેલ છે. આ ગુનાની ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષે સદરહું પ્રમાણપત્રને સમર્થન આપવા માટે તકેદારી અધિકારી (આદીજાતી વિકાસ) ની કચેરી, પંચમહાલ, ગોધરાના કોઈ અધિકારી

કે કર્મચારીને તપાસેલ નથી. પરંતુ, સમગ્ર પુરાવાનું રેકર્ડ ધ્યાને લેતાં આ કામના ફરીયાદી હિન્દુ ભીલ જાતીનાં હોવાની હકીકતનો બચાવપક્ષે ઈન્કાર કરેલ નથી કે આ હકીકતથી વિરૂઘ્ધની હકીકત ઉપસ્થિત રેકર્ડમાં પુરવાર કરવા બચાવપક્ષે પ્રયત્ન કરેલ નથી, અને પરોક્ષ રીતે આ હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી, આ તમામ રેકર્ડ ધ્યાને લેતાં બનાવ સમયે આ કામનાં ફરીયાદી હિન્દુ ભીલ જાતીનાં હોવાનું અને ગુજરાત રાજયમાં આ જાતી અનુસુચીત જનજાતી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ હોવાનું ઉપસ્થિત રેકર્ડમાં પુરવાર થઈ આવે છે. સમગ્ર પુરાવાનું રેકર્ડ ધ્યાને લેતાં આથી વિરૂઘ્ધની હકીકત પુરવાર થતી હોય તેમ માનવાને કારણ જણાઈ આવતુ નથી. જેથી બનાવ સમયે આ કામનાં ફરીયાદી અનુસુચીત જનજાતીનાં વ્યકિત હતા, આ હકીકત ઉપસ્થિત રેકર્ડમાં પુરવાર થઈ આવતી હોય, જેથી હાલનાં **મુદ્દા નં.૧** નો જવાબ આથી '**હકારમા**' આપવામાં આવે છે.

**૧૧.૨. મુદ્દા નં.૨ અને ૩ :–**

હાલનાં મુદ્દામાં સમાવિષ્ટ હકીકતો સંદભે ફરીયાદપક્ષે, આક્ષેપીત બનાવ બન્યા બાદ તુરંત જ કુદરતી ક્રમમાં બનેલ ઘટનાનું વર્ણન ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કરેલ છે, તેના અનુસુધાંને આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૨૪(૫), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ સાથે વંચાણે લેતાં એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–એ) મુજબનો ગુનો કરેલ હોવાનું, પોતાના પુરાવાનાં આધારે વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનું રહે છે.

સૌપ્રથમ એ હકીકત નોંધનીય કે,રેકર્ડ ઉપર ઉપસ્થિત પુરાવાઓનું મુલ્યાંકન ધ્યાને લેતાં હાલનાં બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવી ન્યાયોચીત જણાઈ આવે છે. જેથી સરળતા ખાતર હાલનાં બંને મુદ્દાઓની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

ફરીયાદપક્ષે આરોપી સામેનું આક્ષેપીત તહોમત પુરવાર કરવા માટે આંક–૧૩ થી ફરીયાદી રમેશભાઈ ધનાભાઈ ડામોરને, સોંગદપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. તેઓ સાંજના સમયે આશરે સાડા પાંચ વાગ્યે બલેનો લઈ ગામ બામરોલી જવા નીકળેલ અને છ વાગ્યાના સુમારે આંકડીયા, તા. શહેરા, જી.પંચમહાલ કેનાલ પાસે ગાડી ઉભી રાખી વાત કરતો હતો તે વખતે એક મો.સા. ચાલકે તેમની બલેનોને મો.સા.અડાવી દેતા નીચે ઉતરેલ અને જોયેલ તો તેમની ગાડીને ગોબો પડી ગયેલ હતો, તેથી તેમને મો.સા. વાળાને કહેલ કે, ભલે તારાથી ગોબો પડી ગયેલ હોય તેનુ કામ હુ કરાવી લઈશ. ત્યારે આ મો.સા. ચાલકનાં સંબંધીઓ દિપાભાઈ સોમાભાઈ રાઠોડ, ભવાનસિંહ સોમાભાઈ રાઠોડ, રણવત દિપાભાઈ રાઠોડ, તથા રાકેશભાઈ ભરતભાઈ પગી નાઓ હાથમાં લાકડીઓ લઈને આવી ગયેલા, આ લોકો તેમને સારી રીતે ઓળખતા હતા અને તેઓ પણ તેમને સારી રીતે ઓળખતો હતો. આ ચારેય જણા તેમને કહેવા લાગેલ કે, ''સાલા ભીલડા તું કેમ અમારા સગા સાથે બોલા ચાલી કરે છે?'' તેમ કહી તેઓને તેમના હાથમાની લાકડીથી માર મારેલો. તેમના ગળામાં સોનાની ચેઈન હતી તથા રોકડા રૂા. ૩૦,૦૦૦/– હતા તે ઝઘડામાં કયાંક પડી ગયેલા, તેમને વધારે ન મારે તે માટે ગાડી લઈ નાસી ગયેલો. આ લોકો તેમને જતાં જતાં કહેતા હતા કે, ''અમારા સગાનું નામ લઈશ તો જાનથી મારી નાખીશું'' જેથી તેમની ગાડી લઈને દવાખાને ગયેલો અને ત્યાં તેમને સારવાર કરાવેલી અને વધુ સારવાર ગોધરા સીવીલ હોસ્પીટલમાં કરાવેલી. આ અંગેની ફરીયાદ શહેરા પો. સ્ટે. માં આપેલી. વધુમાં આંક–૧૪થી રજુ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે અને આંક – ૧૫ થી રજુ જાતીનાં પ્રમાણપત્રો ઓળખી બતાવે છે.''

વધુમાં ફરીયાદીએ બચાવપક્ષની ઉલટ તપાસમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે, '' કહેવાતા બનાવ સમયે સાંજના સાત વાગેલા અને અંધારૂ થઈ ગયેલુ, તેમની ગાડીને પાછળથી કોઈ બાઈક વાળાએ અકસ્માત કરેલો તેનો નંબર અને તેનો ચાલક કોણ હતુ ? તેની તેમને ખબર નથી, અકસ્માત વખતે ઘણા બધા લોકોનું આશરે પચાસેક જણાનું ટોળુ ભેગુ થઈ ગયેલુ, જે ટોળામાંથી કંઈ વ્યકિત શું બોલ્યુ તે તેમને ખબર નથી, આ ટોળામાંથી ચોકકસ કંઈ વ્યકિત જાતી વાંચક શબ્દો તથા ગાળો બોલેલી તે તેમને ખબર નથી, ટોળામાં ઝપાઝપી અને ધકકા મુકકી થતાં તથા અમુક લોકો છોડાવવા આવતા તે દરમ્યાન તેમને પડી જવાથી ઈજા થયેલી, આ ધકકા મુકકીમાં સોનાની ચેઈન અને રોકડ રકમ પણ પડી ગયેલી. '' વધુમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે,'' હાલનાં આરોપીઓને તેઓ બનાવ પહેલા ઓળખતો ન હતો, આક્ષેપીત બનાવનાં ત્રણ દિવસ બાદ હાલની ફરીયાદ કરેલી, લોકોના કહેવાથી આ લોકોનાં નામ હશે, તે રીતે અનુમાન કરીને હાલનાં આરોપીઓના નામ તેમની ફરીયાદમાં લખાવેલા, આ બનાવમાં હાલનાં જ આરોપીઓ હતા કે કેમ ? તે હુ ચોકકસપણે કહી શકુ નહી.'' તેવુ જણાવેલ છે.

આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતાં ફરીયાદીએ પોતાની ફરીયાદ તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ છે પરંતુ એ જ હકીકતોથી વિરૂધ્ધની હકીકતો પોતાની બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલી ઉલટતપાસમાં સ્વીકારેલ છે. આમ, ચોકકસ કયા નંબરના વાહન સાથે અકસ્માત થયેલો, તે વાહન ચાલક કોણ હતો, ચોકકસ કઈ વ્યકિતઓ સાથે આક્ષેપિત બનાવ બનેલો, તમામ મહત્વની હકીકતો ફરીયાદીની જાણકારીમાં ન હોવાનુ સ્વીકારેલ છે. વધુમાં, ફરીયાદીને થયેલ ઈજા સંદર્ભે તેમજ જાતિવાચક અપમાન કરેલ હોવાની હકીકત સંદર્ભે આ અકસ્માત સમયે આશરે પચાસ જણાનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. જેમાં

થી ચોકકસ કઈ વ્યકિતએ જાતિવાચક શબ્દો બોલેલા તેમજ ગાળો આપેલી કે તેઓને ખબર ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, ટોળામાં ઝપાઝપી અને ધકકામુકકી થવાથી તેઓને પડી જવાથી ઈજા થયેલી હોવાની હકીકત સ્વીકારેલ છે. આરોપીઓનો હાલના બનાવમાં ઈન્વોલ્વમેન્ટ તેમજ ઓળખ સંદર્ભે ફરીયાદી સ્પષ્ટ રીતે સ્વીકારે છે કે, લોકોના કહેવાથી અને અનુમાનના આધારે આ બનાવમા હાલના આરોપીઓ હશે તેવા અનુમાન સાથે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આ નામો લખાવેલ હોવાનુ સ્વીકારી, હાલના બનાવમાં હાલના જ આરોપીઓ હતા કે કેમ? તે તેઓ ચોકકસપણે કહી શકે નહિ તેવી સ્પષ્ટ હકીકતો સ્વીકારી, ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન પોતાની ફરીયાદ અને ફરીયાદપક્ષના કેસની હકીકતોથી બિલકુલ વિરૂઘ્ધની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદીની જુબાની ફરીયાદપક્ષના કેસની હકીકતો સાબિત કરવા ફરીયાદપક્ષને કોઈપણ રીતે મદદરૂપ જણાઈ આવતી નથી.

ફરીયાદપક્ષે સાહેદ મુકેશભાઈ ધનાભાઈ ડામોરને આંક–૧૬ થી, સોંગદપર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''ફરીયાદી તેમના ભાઈ થાય છે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. તે સમયે તેઓ તેમના ઘરે હતો. કોઈક વ્યકિતનો ફોન આવતા તેમને બનાવની જાણ થયેલી, જેથી તેઓ બનાવવાળી જગ્યા આંકડી ગામે ગયેલો, પરંતુ ત્યાં કોઈ જોવા મળેલ નહી. તેઓ ઘરે જતો રહેલો. '' વધુમાં જણાવેલ છે કે,'' તેમના ભાઈએ વાત કરેલી કે, '' મારી ફોરવ્હીલ બલેનો કારની પાછળ એક મો.સા. વાળાએ મોટર સાઈકલ અથડાવી દેતા ગોબો પડેલો અને તેમને ઈજા થયેલી''. આ સીવાય બીજી કોઈ વાત કરેલી નહી. આમ, હાલનાં સાહેદે પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પી.શ્રી. ઘ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની

પરવાનગી માંગ્યા બાદ, હાલનાં સાહેદને ફરીયાદીની ફરીયાદની હકીકતો સંદર્ભે ઉડાણ પૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પરંતુ તેમા પણ હાલનાં સાહેદે ફરીયાદ તેમજ ફરીયાદપક્ષનાં કેસની સમગ્ર હકીકતોનો સંપૂર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદપક્ષનાં કેસને અંશ માત્ર પણ સમર્થન આપેલ નથી. વધુમાં હાલનાં સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે, '' કહેવાતા બનાવ બાબતે તેમને કોઈ જાત માહીતી નથી.''

ફરીયાદપક્ષે સાહેદ મીનાબેન રમેશભાઈ ડામોરને આંક–૧૮ થી, સોંગદપર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,'' બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેમની સાસુ બીમાર હતા જેથી તેમના પતિ તેઓની ખબર જોવા સાંજના ઘરે આવવા નીકળેલા તે સમયે તેઓ ખેતરમાં કામ કરતી હતી. સાંજે એક બાઈકવાળા ભાઈએ તેમને જણાવેલ કે, તમારા પતિની બલેનો કારનું એકસીડન્ટ થયેલ છે, જેથી તેઓ તાત્કાલીક બનાવવાળા સ્થળે ગઈ હતી, જયાં જઈ જોયેલ તો તેમના પતિ ગલ્લાની બાજુમાં પડેલા હતા. તેમના પતિને પુછતાં તેમના પતિએ ગાડીની પાછળ એક મોટર સાઈકલ વાળો અથડાયેલ તેવુ જણાવેલ આ સીવાય બીજુ કંઈ જણાવેલ નહી. આ બાબતની ફરીયાદ તેમના પતિએ પોલીસમાં આપેલી.'' વધુમાં જણાવેલ છે કે, **એવુ કઈ બનેલ નથી કે,** તેઓ બનાવ વાળા સ્થળે ગયેલ ત્યારે તેમના પતિએ તેમને એવુ જણાવેલ હોય કે, તેમની ગાડીને અકસ્માત થતાં તેની સાથે બોલાચાલી થયેલી અને તેના સંબંધીઓ ત્યાં આવેલા અને તેમને માર મારી જાતીય અપમાનીત શબ્દો કહયા હોય.'' આમ, હાલનાં સાહેદે પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગ્યા બાદ, હાલનાં સાહેદને ફરીયાદીની ફરીયાદની હકીકતો સંદર્ભે ઉડાણ પૂર્વકની ઉલટ તપાસ કરવામાં

આવેલ છે, પરંતુ તેમા પણ હાલનાં સાહેદે ફરીયાદ તેમજ ફરીયાદપક્ષનાં કેસની સમગ્ર હકીકતોનો સંપૂર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદપક્ષનાં કેસને અંશ માત્ર પણ સમર્થન આપેલ નથી. વધુમાં હાલનાં સાહેદે બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે,'' કહેવાતા બનાવ બાબતે તેમને કોઈ જાત માહીતી નથી.''

આમ, ફરીયાદી સહીત ઉપરોકત તમામ સાહેદોનાં પુરાવાનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદીએ અદાલત સમક્ષનાં પુરાવામાં પોતાની ફરીયાદ તેમજ ફરીયાદપક્ષનાં કેસની સમગ્ર હકીકતોનો સંપૂર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદપક્ષનાં કેસને અંશ માત્ર પણ સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદીની બચાવપક્ષની ઉલટ તપાસમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે,'' કહેવાતા બનાવ સમયે સાંજના સાત વાગેલા અને અંધારૂ થઈ ગયેલુ, તેમની ગાડીને પાછળથી કોઈ બાઈક વાળાએ અકસ્માત કરેલો તેનો નંબર અને તેનો ચાલક કોણ હતુ ? તેની તેમને ખબર નથી. '' એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ''અકસ્માત વખતે ઘણા બધા લોકોનું આશરે પચાસેક જણાનું ટોળુ ભેગુ થઈ ગયેલુ, જે ટોળામાંથી કઈ વ્યકિત શું બોલ્યુ તે તેમને ખબર નથી, આ ટોળામાંથી ચોકકસ કંઈ વ્યકિત જાતી વાંચક શબ્દો તથા ગાળો બોલેલી તે તેમને ખબર નથી,ટોળામાં ઝપાઝપી અને ધકકા મુકકી થતા તથા અમુક લોકો છોડાવવા આવતા તે દરમ્યાન પડી જવાથી ઈજા થયેલી, આ ધકકા મુકકીમાં સોનાની ચેઈન અને રોકડ રકમ પણ પડી ગયેલી. '' એ હકીકત કબુલ કરેલ છે કે,'' લોકોના કહેવાથી આ લોકોના નામ હશે, તે રીતે અનુમાન કરીને હાલના આરોપીઓના નામ ફરીયાદમાં લખાવેલા, આ બનાવમાં હાલનાં જ આરોપીઓ હતા કે કેમ? તે ચોકકસપણે કહી શકે નહી.'' તેવુ રેકર્ડ ઉપરના પુરાવામાં જણાવેલ છે. વધુમાં

અન્ય સાહેદો કે જેઓ બનાવ વખતે ત્યાં હાજર હતા તેઓ તમામ સાહેદોએ પોતાની જુબાનીમાં બનાવની મુળભુત હકીકતોને સમર્થન આપેલ ન હોય, આ ઉપરાંત ભોગબનનાર સાહેદની જુબાનીને રેકર્ડ ઉપર યોગ્ય સમર્થન મળી આવતુ ન હોય, આમ ઉપરોકત ફરીયાદીએ પોતાની ફરીયાદ અને ફરીયાદમાં જણાવેલ હકીકતોથી બિલકુલ વિપરીત અને ખંડનાત્મક જુબાની આપતા હોય અને પોતાની ખુદની ફરીયાદ તેમજ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, તેમજ અન્ય સાહેદાએ પણ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં જ આરોપી સામે લાગેલ આક્ષેપિત તહોમતની મુળ પાયારૂપની હકીકતો તથા આવશયક તત્વરૂપની હકીકતો રેકર્ડ ઉપરથી જ સ્પષ્ટપણે ખંડન થઈ આવે છે અને ઉપરોકત સાહેદો તથા ફરીયાદીની જુબાની ઉપરથી આરોપીઓ સામે લાગેલ આક્ષેપિત તહોમત એક ક્ષણ માત્ર પણ ટકવા પાત્ર રહેતુ નથી.

ફરીયાદપક્ષે આંક–૧૯ થી તબીબી સાહેદ ડો. પરષોત્તમભાઈ ગણેશભાઈ રાઠોડને, સોંગદપર તપાસેલા છે. ડોકટર સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે,'' તા. ૨૫/૧૦/૨૪ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે જનરલ હોસ્પીટલ ગોધરા ખાતે ફરજ પર હતો ત્યારે દર્દી નામે રમેશભાઈ ધનાભાઈ ડામોર ઉ.વ. ૪૫ રહે. બામરોલી, તા.શહેરા, જી.પંચમહાલના ઓએ આપેલી હીસ્ટ્રી મુજબ તેઓને તા. ૨૪/૧૦/૨૪ ના રોજ સાંજના ૬ થી ૬:૩૦ કલાકનાં ગાળામાં લાકડી અને ગડદાપાટુથી માર મારેલ છે.''વધુમાં જણાવેલ છે કે,''દર્દીને તપાસતા તે ભાનમાં હતા અને ડાબા બાવડાનાં ભાગે બહારની બાજુએ ૪×૨ સેમી. ના માપનો લાલશ પડતો ચકામો હતો, ડાબા હાથનાં આગળનાં ભાગે બહારની બાજુએ ૩×૨ સેમી.ના માપનો લાલશ પડતો ચકામો હતો,ડાબા હાથનાં કાંડાનાં ભાગે વિસ્તરેલ દુખાવા વાળો સોજો

હતો,ડાબા નીતંબનાં ભાગે ૪×૨ સેમી. ના માપનો લાલશ પડતો ચકામો હતો, ડાબા ઘુંટણનાં સાંધાનાં આગળનાં ભાગે ૪×૨ સેમી. ના માપનો લાલશ પડતો ચકામો હતો, ડાબી પીંડીનાં સાંધાના ભાગે વિસ્તરેલ દુખાવો હતો, માથાની જમણી બાજુએ વિસ્તરેલ દુખાવો હતો.'' વધુમાં જણાવેલ છે કે, '' દર્દી તા.૨૫/૧૦/૨૪ ના રોજ ઓપરેશન અને એડમીશન માટે ના પાડી, ડોકટરની સલાહ વિરૂધ્ધ જતા રહેલા. ત્યાર બાદ દર્દી તા. ૪/૧૧/૨૪ ના રોજ ફરીથી દાખલ થયેલ.'' વધુમાં જણાવેલ છે કે,'' એકસ–રે નં. ૧૮૦૬૩ ડાબા કાંડાનો અને ડાબા ઢીંચણનાં સાંધાનાં મુજબ દર્દીને ડાબી ત્રીજી આંગળીનું ફ્રેકચર હતુ. દર્દીને ૪/૧૧/૨૪ ના રોજ દાખલ કરી, તા. ૬/૧૧/૨૪ ના રોજ રજા આપેલી. '' વધુમાં જણાવેલ છે કે, ''ઉપરની ઈજાઓ ગંભીર પ્રકારની હતી. સખત અને બોથર્ડ પદાર્થથી થયેલી હતી તથા ચોવીસ કંલાકની અંદરની હતી. અને જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો, ૩ થી ૪ અઠવાડીયામાં મટી શકે તેવી હતી તેમજ આંક–૨૦ થી રજુ એમ.એલ.સી.સર્ટી.માં તેમની સહી ઓળખી બતાવે છે.'' વધુમાં સદર સાહેદની બચાવપક્ષની ઉલટ તપાસમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે,'' અકસ્માત થવાથી અને અકસ્માતમાં જોરથી પડી જવાથી પણ આવી ઈજાઓ થઈ શકે, આ દર્દીએ તેમની સમક્ષ હીસ્ટ્રીમાં ઈજા પહોચાડનાર વ્યકિતઓના નામ આપેલ નથી, અને આ દર્દી પોલીસ યાદી વગર તથા રીફર મેમો વગર તેમની પાસે સારવાર માટે આવેલ.''

ફરીયાદપક્ષે આંક–૨૧ થી તબીબી સાહેદ ડો. જયેશકુમાર લાલુભાઈ ગોહીલને, સોંગદપર તપાસેલા છે. ડોકટર સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે,'' તા. ૨૫/૧૦/૨૪ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે રેફરલ હોસ્પીટલ અને સી.એચ.સી. શહેરા ખાતે ફરજ પર હતો ત્યારે બપોરના ૧:૩૦ વાગ્યે દર્દી નામે રમેશભાઈ ધનાભાઈ ડામોર ઉ.વ. ૪૫ રહે. બામરોલી, તા. શહેરા, જી. પંચમહાલના ઓએ આપેલી હીસ્ટ્રી મુજબ

તેઓને તા.૨૪/૧૦/૨૪ ના રોજ સાંજના ૬ કંલાકે દિપક સોમા, સચીન દિપસિંહ, રમેશ રયજી પટેલ, મુકેશ ભારત ખાંટ, વિક્રમ જવાન રાઠોડ, જશુ ઉદાભાઈ રાઠોડ, અનુપ રાયમલભાઈ, શૈલેષ વિક્રમભાઈ અને અન્ય ટોળાઓએ ભેગા મળી લાકડીથી તેઓને માર મારેલ હોવાની હીસ્ટ્રી આપેલી. તેઓ પોલીસ યાદી વગર આવેલા.'' વધુમાં જણાવેલ છે કે,'' દર્દીને તપાસતા તે ભાનમાં હતા અને ડાબા હાથની ઉપરની બાજુએ ૩×૧ સેમી. ના માપનો છોલાયેલો તથા ૩×૩ સેમી. નો એક સરખો સોજો આવેલ હતો, ડાબા બાવડાની બહારની બાજુએ ૩×૧ સેમી.નો છોલાયેલુ તથા ૨×૨ સે.મી.નો દુખાવા વાળો સોજો હતો, પાછળની ડાબી બાજુએ આડુ ૬×૧ સેમી.નું છોલાયેલ હતુ, ડાબા ઘુંટણની અંદરની બાજુએ ૩×૨ સેમી.ના માપનો છોલાયેલ હતુ, તથા આજુ બાજુ ની ચામડી લાલશ થઈ ગયેલ હતી, જમણા ખભાની આગળની બાજુએ ૨×૦.૫ સેમી. ના માપનું છોલાયેલ હતુ,ડાબા પગની પીંડીમાં સોજો તથા દુખાવો હતો અને ત્રીજા નંબરની આંગળીમાં સોજો અને દુખાવો હતો, દર્દીને માથા ઉપર જમણી બાજુએ દુખાવો થતો હતો તથા આખુ શરીર દુખતુ હતુ.'' વધુમાં જણાવેલ છે કે, ''આ દર્દીને પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે મોકલી આપવામાં આવેલા. આ ઈજા ૩૬ કંલાકની અંદરની હતી તેમજ આંક–૨૨ થી રજુ એમ. એલ. સી.સર્ટી.માં તેમની સહી ઓળખી બતાવે છે.'' વધુમાં સદર સાહેદની બચાવપક્ષની ઉલટ તપાસમાં તેવુ પણ કબુલ રાખેલ છે કે,'' અકસ્માત થવાથી અને અકસ્માતમાં જોરથી પડી જવાથી પણ આવી ઈજાઓ થઈ શકે, આ દર્દી પોલીસ યાદી વગર તથા રીફર મેમો વગર તેમની પાસે સારવાર માટે આવેલા, આ દર્દી તા. ૨૪/૧૦/૨૪ ના રોજ સારવાર માટે આવેલ નથી.'' વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, '' તેમના એમ.એલ.સી.માં લખેલ હીસ્ટ્રી પાછળથી લખવામાં આવેલ છે.''

આમ, ઈજાપામનાર સાહેદ રમેશભાઈ ઘનાભાઈ ડામોરને કે જેઓને ઉપરોકત તબીબી સાહેદોની સમક્ષ સારવાર માટે લાવેલા તેઓનાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ઈજાપામનાર સાહેદે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં તેઓને કયાં વ્યકિતએ ઈજા પહોંચાડેલ તેના નામ જણાવેલ નથી. ત્યારે ઈજાપામનાર સાહેદને જે પ્રથમ તક આરોપીઓ વિરૂઘ્ધનાં આક્ષેપનો ખુલાસો કરવા માટેની હતી ત્યારે ઈજાપામનાર સાહેદે આરોપીઓનું નામ ડોકટર સમક્ષની હિસ્ટ્રીમાં જણાવેલ નથી, તેવી હકીકત પુરવાર થાય છે. વધુમાં ફરીયાદપક્ષનાં ઉપરોકત નોંધેલ મુળભુત સાહેદોની જુબાની ઉપરથી આક્ષેપીત બનાવ બનેલ હોવાની હકીકતને  રેકર્ડ ઉપર સમર્થન મળી આવતુ ન હોય, તેમજ મુળ ભોગબનનારની જુબાનીમાં તેઓને થયેલ ઈજા ફરીયાદપક્ષનાં કેસ મુજબ હાલનાં આરોપીઓએ કરેલ હોવાનું પુરવાર થતુ ન હોય તેમજ આવી હકીકતોને અન્ય સાહેદોની જુબાની ઉપરથી સમર્થન મળી આવતુ ન હોય, ત્યારે આ સંજોગોમાં મુળભુત પુરાવાની ગેરહાજરીમાં ફરીયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા માટે હાલનાં મેડીકલ સ્વરૂપનાં સમર્થનકારી પુરાવા કોઈ પણ રીતે મદદરૂપ બની રહેશે નહી.

ફરીયાદપક્ષ ઘ્વારા આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનાં પંચનામાં રજુ કરી તેના એક પંચને આંક–૧૦ થી તથા બીજા પંચને આંક–૧૨ સોંગદપર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, ''પોલીસે વર્ષ પહેલા આંકડીયા ગામે લોકો ભેગા થયેલા હતાં ત્યાં પોલીસ આવેલી અને પોલીસે લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેમને સહી કરેલી. પોલીસે કયાં બાબતે લખાણમાં સહી કરાવેલી તેની તેમને ખબર નથી.'' વધુમાં જણાવેલ છે કે,'' **એવુ કઈ બનેલ નથી કે,** પોલીસે તેમને આંકડીયા ગામે કોઈ ગુનાવાળી જગ્યાએ બોલાવેલો હોય અને તે જગ્યા તેમને બતાવી હોય અને તે અંગેનું લખાણ કરી તેમની સહીઓ લેવામાં આવેલી.'' આંક–૧૧ થી રજુ

પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે અને આ સિવાય સદર પંચનામાની હકીકતોને અન્ય કોઈ પણ રીતે સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પી. શ્રી. ધ્વારા ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગ્યા બાદ પંચનામાના પંચોને પંચનામાની હકીકતો સંદર્ભે ઉડાણ પૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પરંતુ તેમા પણ બંને પંચોએ, પંચનામાની સમગ્ર હકીકતોનો સંપૂર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદપક્ષના કેસને અંશ માત્ર પણ સમર્થન આપેલ નથી.

આમ, ઉપરોકત પંચોએ પંચનામાંમાં જણાવેલ હકીકતોથી બિલકુલ વિપરીત અને ખંડનાત્મક જુબાની આપતા હોય અને પંચનામાંની હકીકતોને સમર્થન આપતા ન હોય, ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ પુરાવા પણ ફરીયાદપક્ષનાં કેસને સાબીત કરવા ફરીયાદપક્ષને કોઈ પણ રીતે મદદરૂપ જણાઈ આવતા નથી.

ફરીયાદપક્ષે ધ્વારા આંક–૨૩ થી પોલીસ સાહેદ સીધ્ધરાજસીહ સામંતસીહ ચૌહાણ તથા આંક–૨૭ થી ત.ક.અ.શ્રી. નીલેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ નાઓને સોંગદપર તપાસેલા છે. તેઓના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૨૩ થી પી.એસ.ઓ.ને તપાસેલા છે. જેઓએ હાલનાં ગુનામાં મુળ ફરીયાદીની ફરીયાદ નોંધી તેની તપાસ ડેપ્યુટ કરેલ હોવાનું જણાઈ આવે છે. આ સિવાય આ ગુનામાં તેઓએ મહત્વની તપાસ કરેલ હોવાનું જણાઈ આવતુ નથી. આ ગુનામાં ત.ક.અ.શ્રીને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની જુબાની દરમ્યાન પોતાની પોલીસ તપાસ અંગેની તમામ હકીકતોનું વર્ણન કરેલ છે. પરંતુ તે સંદર્ભે જયારે ફરીયાદપક્ષનાં મુળભુત સાહેદોએ જ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેમજ પંચનામાનાં પંચોએ પણ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં પંચનામાની

કાર્યવાહીની હકીકતોને સમર્થન આપેલ ન હોય, આમ ફરીયાદપક્ષનાં મુળભુત પુરાવા ઉપરથી ફરીયાદપક્ષનો કેસ સાબીત થઈ આવતો ન હોય, ત્યારે આ સંજાગોમાં ફરીયાદપક્ષનો કેસ સાબીત કરવા ફરીયાદપક્ષને ત.ક.અ.શ્રીની જુબાની કોઈ પણ રીતે મદદરૂપ હોવાનું જણાઈ આવતુ નથી.

વધુમાં આ કામમાં પોલીસ તપાસના કામે ફરીયાદી અનુસુચીત જનજાતીના સભ્ય છે તે માટેનો જાતીનો દાખલો મેળવી તેની ખરાઈ કરાવેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ મુદ્દામાલ હથીયાર રજુ કર્યાનું પંચનામુ કરેલ અને ઈજાપામનાર રમેશભાઈ ધનાભાઈ ડામોરનું મેડીકલ ઓફીસર શહેરા તથા જનરલ હોસ્પીટલ, ગોધરાને યાદીઓ કરી ઈજા અંગેના પ્રમાણપત્રો મેળવેલ અને તપાસના કામે સામેલ રાખી રજુ કરેલ છે. પરંતુ તે દસ્તાવેજોને શબ્દ:સહ વંચાણે લેવામાં આવે તો પણ તે દસ્તાવેજો ઉપરથી પણ આરોપીઓ સામેનું આક્ષેપીત તહોમત પુરવાર થતુ નથી. તે દસ્તાવેજો સમર્થનકારક પુરાવા છે, જો મુખ્ય અને મહત્વનાં સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તે વિશ્વાસજન્ય હોય અને તેનાથી ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન મળતુ હોય, તો જ આ પુરાવા સમર્થનમાં ધ્યાને લઈ શકાય.

આમ, હાલનાં કામે ફરીયાદપક્ષ તરફથી જે પુરાવા રજુ થયેલ છે, તે આધારે ઈજાપામનારને ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ, તે ઈજા હાલનાં આરોપીઓએ કરેલ હતી ? તેવી હકીકતને એક પણ સાહેદનાં પુરાવા ઉપરથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ સિવાય ફરીયાદીની ફરીયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બનેલ હતો, આ હકીકતને પણ ઉપરોકત સાહેદોનાં પુરાવા ઉપરથી સમર્થન પ્રાપ્ત થતું નથી.

વધુમાં હાલનાં ગુનામાં ફરીયાદીની આંક-૧૪ વાળી ફરીયાદ વંચાણે લેતાં ફરીયાદીને જાતીય અપમાનીત કરેલ હોવાના આક્ષેપ સંદર્ભે

હાલનો બનાવ જાહેર પબ્લીક આ બનાવને જોઈ અને સાંભળી શકે તે રીતે જાહેર જગ્યાએ બનેલ હોવાનું પુરવાર થતું ન હોય, ઉલટાનું વાસ્તવિક બનાવ બનેલ હોવાની હકીકત જ રેકર્ડ ઉપર પુરવાર થતી ન હોય અને ફરીયાદીએ પોતાની બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસ દરમ્યાન આ કામના આરોપીઓએ તેઓને જાતિવાચક શબ્દો તેમજ ગાળો બોલી અપમાનિત કરેલ હોવાની હકીકતને તેમજ તેઓને માર મારી ઈજા પહોચાડેલ હોવાની હકીકતને તેમજ ફરીયાદપક્ષના કેસની મૂળભૂત પાયારૂપી હકીકતોને, સમર્થન ન આપી અકસ્માત સમયે પચાસેક માણસોનુ ટોળુ વળી ગયેલ હોય આ ટોળામાંથી ચોકકસ કઈ વ્યકિત જાતિવાચક શબ્દો બોલેલી તે તેમને ખબર ન હોવાનુ સ્વીકારી તેમજ ટોળામાં ઝપાઝપીમાં પડી જવાથી તેઓને ઈજા થયેલ હોવાની હકીકત સ્વીકારી તથા બનાવમાં હાલના જ આરોપીઓ હતા કે કેમ? તે તેઓ ચોકકસ કહી શકે નહિ તેવી સ્પષ્ટ હકીકતો સ્વીકારેલ હોય, ત્યારે આ પરિસ્થિતિમાં આરોપીઓ સામે લાગેલ એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–એ) મુજબનો ગુનો પ્રથમથી જ પુરવાર થતો ન હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે.

આમ, ફરીયાદપક્ષ તરફે રજુ રાખેલ ઉપરોકત તમામ પુરાવાઓનાં મુલ્યાંકનને ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે લાગેલ આક્ષેપિત તહોમત તથા આરોપીઓ સામે લાગેલ આક્ષેપિત ગુનાનાં આવશ્યક તત્વોને પુરાવાઓની કડીઓથી એક બીજાને સાંકળીને, પોતાનો કેસ તેમજ આરોપીઓ સામેનું આક્ષેપીત તહોમત, ઉપસ્થિત રેકર્ડમાં વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી હાલનાં **મુદ્દા નં.૨ અને ૩** નો જવાબ આથી ''**નકારમાં**'' આપવામાં આવે છે.

**૧૨. મુદ્દા નં.૪ :–**

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ માં કરવામાં આવેલ તમામ ચર્ચા અને મુલ્યાંકનને ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ અને આરોપીઓ સામે લાગેલ આક્ષેપ, પોતાના પુરાવા ઉપરથી પુરાવાઓની કડીઓને એક બીજાથી સાંકળી રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોય, જેથી હાલનાં મુદ્દા સંદર્ભે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

**૧.** આ કામનાં આરોપીઓ નં.૧ દીપસીહ સોમાભાઈ રાઠોડ, નં.૨ ભવાનસીહ સોમાસીહ રાઠોડ,નં.૩ રણવતસીહ દીપસીહ રાઠોડ, નં.૪ મુકેશભાઈ ભારતભાઈ ખાંટ, તમામ રહે. આકેડીયા, પરમાર ફળીયુ,શહેરા, જી.પંચમહાલ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે બી. એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૨૪(૫), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા અનુસુચીત જાતી તથા અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–એ) મુજબનાં ગુનામાંથી **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓનાં ટ્રાયલ માટે જો કોઈ જામીનખત રજુ કરેલ હોય તો તે જામીનખત રદ કરવામાં આવે છે.

**૩.** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે દરેક આરોપીએ દિન–૧૦ માં રકમ રૂા.૨૫,૦૦૦/–( અંકે રૂપીયા પચ્ચીસ હજાર) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

**૪.** આ કામમાં મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ મુદ્દામાલ આર્ટીકલ લાકડીઓ અપીલ સમય પુરો થયેથી અને જો અપીલ થયેલ હોય તો તેના આખરી નિકાલને આધીન કાયદાકીય જોગવાઈ તથા ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ આ ચુકદાની એક નકલ જીલ્લા મેજી.શ્રી. પંચમહાલ, ગોધરાને ઈ–મેઈલથી અથવા યાદીથી મોકલી આપવી.

હુકમ આજ તા.૩૦/૫/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૫/૨૦૨૬

ગોધરા.

**(રાજા રણછોડભાઈ પટેલ)**
સ્પેશયલ જજ (એટ્રોસીટી) અને
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
પંચમહાલ,ગોધરા.
કોડ નં. જીજે.૦૦૯૨૨